4541

**Swatantra Party**

RAJKOT DISTRICT OFFICE

PHONE : 1230

A-6, MODI CHAMBERS
DHARMENDRA ROAD
RAJKOT

Ref. 918/1968

Recd 28/5/68

Date 26/5/68

My dear Masani,

Bombay

I am sending herewith the press-clipping from "Jai Hind" dated 26-5-68 regarding your letter to Mr. Dandekar about your stand for ~~[illegible]~~ non-withdrawal of your resignation from the National Executive.

As I was out of station to get enrolment and select the candidates for the training camp for Rajkot, I could not remain in touch with Balubhai Shah of "Jai Hind". He is not now taking any interest for Swatantra Party new items. However I tried to persuade him to publish your press-release and got it published today.

To morrow on 27-5-68 a meeting of the Gujarat Executive is to be held, to form its recommendation about Bhagwanji Patel's incident.

The informal meeting of the office-bearers of Gujarat Party held on 3-5-68 decided that Bhagwanjibhai should be warned that in future he should not work against party candidates and for the sake of party solidarity no further disciplinary action be taken. Efforts should be made by all as far as possible to bring Bhagwanji Patel and Parliamentary ~~Associate~~ Member of our Rajkot Constituency and the office Bearers of Rajkot District Committee nearer to each other and make compromise. I was not present in this meeting. But after receiving the minutes of this meeting I have written a letter to H. K. Patel showing my disagreement with the above views and asking for disciplinary action against Bhagwanji Patel. I am going today to Ahmedabad to attend the meeting of the executive.

Yours sincerely

Ratibhai Patel

જયહિન્દ

### સ્વતંત્ર પક્ષના બંડખોર સભ્યો સામે

# કડક પગલાં લેવામાં રાષ્ટ્રીય કારોબારીની નિષ્ફળતા અંગે શ્રી મસાણીનો રોષ

## કારોબારીમાંથી રાજીનામું પાછું ખેંચવાનો ઈન્કાર રચનાત્મક પ્રવૃત્તિ દ્વારા પક્ષની સેવા કરવાની ઇચ્છા

મુંબઈ તા. ૨૪

લોક સભાના સ્વતંત્ર પક્ષના નાયબ નેતા શ્રી મીનુ મસાણીએ પક્ષના મહામંત્રી શ્રી દાંડેકરને પાઠવેલ એક પત્રમાં પક્ષની મધ્યસ્થ પાર્લામેન્ટરી બોર્ડ રાષ્ટ્રીય કારોબારીમાંથી પોતાનું રાજીનામું પાછું ખેંચવાનો ઈન્કાર કર્યો છે અને તેના કારણમાં એમ જણાવેલ છે કે ગુજરાતમાં સ્વતંત્ર પક્ષની વિશ્વાસનીયતા ને પ્રતિષ્ઠાનું પુનઃસ્થાપન કરવા તેમજ પક્ષમાં શિસ્ત સ્થાપવા દેખીતી રીતે આવશ્યક પગલાં લેવામાં પક્ષની રાષ્ટ્રીય કારોબારી નિષ્ફળ ગઈ છે.

આ પહેલાં શ્રી દાંડેકરે શ્રી મસાણીને લખેલ પત્રમાં એવી વિનંતી કરી હતી કે શ્રી મહીડા તથા તેમની ઉમેદવારીને ટેકો આપનાર પાંચ સભ્યો સામે શિસ્ત ભંગના પગલાં લેવાઈ રહ્યાં હોઈ તમારે પશ્ચાતાપ માટે આવું કડક પગલું લેવાનું હવે કારણ રહેતું નથી.

શ્રી દાંડેકરની ઉપરોક્ત વિનંતિનો શ્રી મસાણીએ અસ્વિકાર કર્યો છે અને કારોબારીમાંથી પોતાનું રાજીનામું પાછું ખેંચવાનો ઈન્કાર કર્યો છે.

શ્રી મસાણીએ વધુમાં એવી હકીકત ખુલ્લી કરી હતી કે ગુજરાતમાંથી રાજ્ય સભાની ચૂંટણીઓ પ્રસંગે પક્ષના કેટલાક સભ્યોએ દાખવેલ વર્તન અંગે તેઓનો ખુલાશો પૂછવા માટે સ્વતંત્ર પક્ષની રાષ્ટ્રીય કારોબારીએ દિલ્હી ખાતેની પોતાની તાજેતરની બેઠકમાં બોલાવેલ સભ્યો સામે હકાલપટ્ટી જેવા ગંભીર પગલાં ન લેવાનો પણ જાહેર કરાયેલો નિર્ણય લેવાયો હતો.

શ્રી મસાણીને લાગ્યું છે કે કારોબારીએ આ પ્રશ્ન અંગે ગુજરાત શાખાના પ્રમુખ અને મહામંત્રી અને પાર્લામેન્ટના અમુક સભ્યોની નિષ્ફળતાની અવગણના કરી હોવાનું જણાય છે. શ્રી મસાણીએ પ્રશ્ન કર્યો કે રાષ્ટ્રીય કારોબારીએ શરૂ કરેલાં શિસ્તનાં પગલાં છાવરવા માટેનાં હતાં એમ માનવું એ શું ગેરવાજબી ગણાશે ?

શ્રી મસાણીએ ગુજરાતના પક્ષના પ્રમુખના તા. ૧૧મીના એપ્રિલના નિવેદનનો ઉલ્લેખ કર્યો છે જેમાં તેમણે સમગ્ર બનાવેને ગેર સમજની તરીકે ગણી કાઢયો હતો. તેમણે પક્ષના વિશ્વાસનો ભંગનો ભોગ બનાવાઓની કરાયેલી ટીકાનો ઉલ્લેખ કરતાં જણાવ્યું હતું કે ગુજરાતના પ્રમુખે તેમની પર રાજાજીને ખરી હકીકતો લખી જણાવવા માટે અકૃતજ્ઞનો આક્ષેપ મૂક્યો હતો.

શ્રી મસાણીએ વધુમાં જણાવ્યું હતું કે પક્ષની રાષ્ટ્રીય કારોબારી પક્ષના નીતિ નિયમો અનુસાર વલણ લેવામાં નિષ્ફળ ગઈ છે. એટલું જ નહિ પણ તેણે રાજકીય સૂક્ષ્મદષ્ટિનો અભાવ પણ બતાવ્યો છે. તેમણે સ્વતંત્ર પક્ષને પક્ષની પવિત્રતા અંગે શંકાસ્પદ અભિપ્રાય ધરાવવા સામે અને કોંગ્રેસની જેમ મતદારો પ્રત્યે તિરસ્કાર દર્શાવવા સામે ચેતવણી આપી જણાવ્યું છે કે પોતે રાષ્ટ્રીય કારોબારીની બહાર રહીને પક્ષના કાર્યકરો માટે તાલીમ આપવાનું તથા પક્ષના સિદ્ધાંતોના પ્રચારનું રચનાત્મક કામ કરીને પક્ષની વધુ સારી સેવા

જયહિન્દ

## મેર વિદ્યાર્થી ભવન

પોરબંદર મેર વિદ્યાર્થી ભવનમાં દાખલ થવા ઈચ્છતા વિદ્યાર્થીઓએ છાપેલા અરજીપત્રકો મંગાવી લઈ વિગતભરી તા. ૧૦-૬-૬૮ સુધીમાં મોકલી આપવા. વ્યવસ્થાપક:- કેશવ માલદેવ. મે. વિ. ભવન.

## શિક્ષક જોઈએ છીએ

લાઠ માધ્યમિક શાળા ... -ણિત તથા ઈંગ્લીશ સારું ... ખ ... શકે તેવા અનુભવી ટ્રેઈન્ડ ગ્રેજ્યુએટ શિક્ષકની જરૂર છે.

પેન્શનરને પહેલી પસંદગી આપવામાં આવશે. અરજદારે તા. ૨-૬-૬૮ સુધીમાં નીચેના સરનામે અરજી કરવી. પગાર સરકારી ધોરણ મુજબ આપવામાં આવશે. ઈન્ટરવ્યુમાં બોલાવ્યે પોતાના ખર્ચે આવવાનું રહેશે.

દેવજી બેચરભાઈ,
પ્રમુખ,
કેળવણી મંડળ લાઠ, વાયા ઉપલેટા,
મુ. લાઠ.

## WANTED

Wanted a Shift Supervisor, with sturdy physique, aged about 25 to 30 for our Material Handling Section. Successful candidate should be able to read and write simple English, possess a certificate ...Mechanical Engineering or

# મોરબીમાં ખ... મીઠું કરવાનો

અહીંના પરશુરામ પોટરીમાં ખારા હોવાનું જાણવા મળે છે.

પરસુરામ પોટરી ખાતે પાણીની કાયમી સગવડ અર્થે સ્વ. શ્રી અન્નુભાઈ ગણપૂલે એ પાછળ ...ગનો આખનરો કરાવેલ છે જેમાં ...ચસો ફીટ ઉંડુ બોરીંગ કરતા ઠીક પ્રમાણમાં પાણી નીકળેલ પરંતુ આ પાણી ખારૂં હોઈ તે ખાસ ઉપયોગમાં લઈ શકાય તેવું ન હોવાથી તેમના પુત્ર પોટરી વર્કસના હાલના મુખ્ય વ્યવસ્થાપક અને યુવાન કર્ણધાર શ્રી અચ્યુતભાઈ ગણપૂલેએ વીજ્ઞાનની છેલ્લી શોધખોળો મુજબ આ પાણીને મીઠું બનાવવા મહત્વાકાંક્ષી પ્રયાસ હાથ ધરેલ છે.

તે અનુસાર ભાવનગર ખાતેના ભારત સરકારના સોલ્ટ અને મરીન રીસર્ચ ઈનસ્ટીટ્યુટના ઉપક્રમે છેલ્લા ત્રણેક અઠવાડીયાથી પ્રાયોગીક ધોરણે દરરોજ ત્રણ હજાર ગેલન ખારૂં પાણી મીઠું બનાવવામાં આવે છે.

આ પ્રયોગ સફળ ...ા હવે દરરોજ આ બોરીંગનું ... હજાર ગેલન ખારૂં પાણી મી...ું બનાવવાનો એક પાઈલોટ પ્લાન્ટ અહિ પોટરી ખાતે શરૂ કરવા નિર્ણય લેવાયેલ. જેના યુનીટનું અહિ ખાતે તા. ૨૫-૫-૬૮ના રોજ ગુજરાતના માજી પંત પ્રધાન ડો. જીવરાજભાઈ મહેતાના વરદ હસ્તે ઉદઘાટન યોજાયેલ છે.

અહિની પરશુરામ પોટરીના કારખાના ખાતે સાંજે છ વાગ્યે ભાવનગરના ધી સેન્ટ્રલ સોલ્ટ અને મરીન કેમીકલ્સ રીસર્ચ ઈનસ્ટીટ્યુટના ઉપક્રમે યોજાયેલ એક સમારંભમાં સંસ્થાની એક્ઝીક્યુટીવ કાઉન્સીલના ચેરમેન તરીકે ડો. જીવરાજ

# દરિયામાં ફસા... પોર્ટના કર્મચારી...

તાજેતરમાં કંડલા પોર્ટના કર્મચારીઓ ...રમ્યાન ૨૨ કલાક સુધી દરિયામાં ફસા... ...ખમમાં મુકાયો હોવાની વિરલ દાસ્તાન...

ફરજ બજાવતાં જાન જોખમમાં ...કનાર ૧૦ વિરલાઓની દાસ્તાન ...વી છે કે:

આવતા ડીસેમ્બર મહીનાથી